શ્રી પરમાત્માને નમઃ

શ્રી

સરસ્વતી નાટક સમાજ.

નુગરો-સાપ

નામક નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વાડીલાલ હરગોવનદાસ શાહ.

માલેક શ્રી સરસ્વતી નાટક સમાજ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું સુનેરી મહેલ ગોપાળ થીએટર—ભરૂચ.

સુરત ચૌટાના પુલ ઉપર આવેલા "જૈન વિજય પ્રિન્ટિંગ પ્રેસ" માં

ઠાકોરદાસ માનસીંગે છાપી.

આવૃત્તી ૧ લી   પ્રત ૧૦૦૦

કીંમત ૨ આના.

નુગરા સાપના મુખ્ય પાત્રોના નામ.

પુરૂષ પાત્રો.

વિકળ... ... ...ઇન્દ્રનગરના પ્રધાનનો પુત્ર. (નુગરોસાપ)

રાજેન્દ્રસિંહ ... ...ઇન્દ્રનગરના રાજા.

સૌભદ્રસિંહ ... ...રાજેન્દ્રસિંહનો અમીર.

ઉત્તમસિંહ ... ...સૌભદ્રસિંહનો પાટવી પુત્ર.

સોમવીર ... ...રાજેન્દ્રસિંહનો બારોટ.

તરૂણ (યુવાન)... ...સૌભદ્રસિંહનો પુત્ર.

અનાથ... ... ...રાજેન્દ્રનો નિમકહલાલ નોકર.

કાબીલ
તદબીર } ... ...ઠગો.
આલીશાન

બુલંદશાહ ... ...ગીઝનીનો બાદશાહ.

રોશન... ... ...શાહનો વજીર.

સ્ત્રીપાત્રો.

લાલન... ... ...સોમવીરની બ્હેન.

રાજબાળા ... ...રાજેન્દ્રસિંહની પુત્રી.

શશીતારા ... ...પ્રભાસિંહની પુત્રી.

શોભાવતી ... ...સોમવીરની સ્ત્રી.

બુલબુલ ... ...નાયકા.

કેસર
ચંદન } ... ...રાજબાળાની સખીઓ.

સમ્બુલ ... ...નાયકા.

આ સિવાય કમાલ, જમાલ, ફતેહખાં, હુસેનખાં, કેસરીસિંહ, આકીલખાં, પદમસિંહ, કુતુબ, દ્વારપાળ, દરબારીઓ, સિપાઇઓ, કંચનીઓ, દૂત, દાસીયો. વગેરે વગેરે.

શ્રી નવીન

નુગરો-સાપ.

નાટકનો ટુંકસાર.

—મંગળાચરણ—

સુત્રધાર અને નટીચો.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—પ્રધાન પુત્ર વિકળનું રાજબાળાને મેળવવાના વિચારમાં નિકળવું. ત્યાં અનાથે આવી રાજબાળાના ઉત્તમ સાથે સગપણ થયા સબંધી ખબર આપવી. બેઉ વચ્ચે વાતચીત. રાજબાળાને ગમે તે પ્રકારે મેળવવા વિકળનો દૃઢ વિચાર એવામાં લાલનનું આવવું. વિકળને રાજબાળા સાથે મેળવી આપવા લાલનનું કબુલ થવું. અને જૂદા પડવું.

પ્રવેશ ૨ જો—ઇંદ્રનગરના કાબીલખાં અને તદબીરખાંનું નિકળવું. તેમને [illegible]તપુરના આલીશાન તથા બુલબુલનું મળવું. બન્ને પક્ષ વચ્ચે હાસ્યવિનોદ અને ચડસા ચડસી.

પ્રવેશ ૩ જો—શશીતારા તરૂણસિંહના વિયોગમાં, શોભાવતીનું આવવું. ઉભય વચ્ચે વાતચીત. સોમવીરનું આવવું. અને રાજેન્દ્રસિંહનો પત્ર વાંચી સંભળાવવો. ઇંદ્રનગર જવા તૈયારી.

પ્રવેશ ૪ થો—આલીશાન બુલબુલ તદબીરખાં અને કાબીલખાં વગેરેનું આવવું. એવામાં અનાથનું પણ આવવું. આલીશાન અને બુલબુલે. કાબીલખાં અને તદબીરખાં સાથે મળી અનાથ પર પોતાની ઠગ વિદ્યા અજમાવવા નક્કી કરવું. અનાથે તેમનો વિચાર સાંભળી લેવો. અને સઘળાઓને બનાવવા તેણે મનમાં નિશ્ચય કરવો. અનાથે તેઓને ઘેર બોલાવવાનું કહેવું. અને જુદા પડવું.

પ્રવેશ ૫ મો—રાજબાળા ઉત્તમના પ્રેમમાં. એવામાં ઉત્તમસિંહનું આવવું. બેઉ વચ્ચે પ્રેમ વાર્તા. ઉત્તમનું જવું. લાલનનું આવવું. વિકળ સાથે વાતચીત કરાવવા રાજબાળાને સમજાવવું. વિકળનું આવવું. પ્રેમ માંગણી. રાજબાળાનો તીરસ્કાર. વિકળનું ગુસ્સે થઇ ચાલ્યા જવું.

પ્રવેશ ૬ ઠો—રાજબાળાએ કરેલા અપમાનથી વિકળનું ગુસ્સામાં નિકળવું. લાલનનું આવવું રાજબાળા અને ઉત્તમના પ્રેમમાં વ્હેમ પડાવી આપવા લાલનનું કબુલ થવું.

પ્રવેશ ૭ મો—રાજેન્દ્રસિંહની ખાનગી કચેરી. પરદેશી રાજાઓની મદદ લેવાના લખેલા કાગળો વિકળસિંહને આપવા. નાચ

નાચ.

પ્રવેશ ૮ મો—અનાથે આલીશાન બુલબુલને બનાવી ઘરમાં પુરવું. પાછળથી કાબીલ અને તદબીરનું આવવું તેમને પણ બનાવી

ઘરમાં પુરવું બધા વચ્ચે હાસ્ય. અને છેવટે અનાથે સઘળાઓને સિપાઇઓને સ્વાધીન કરવા.

પ્રવેશ ૯ મો—લાલનનું આવવું અને સામેથી ઉત્તમસિંહને આવતો જોઇ તેણીનું રાજબાળા વિકળને ચ્હાય છે. એમ બોલવું. ઉત્તમસિંહનું આવવું. લાલનનું તેને બનાવટી પત્ર આપી. રાજબાળા વિકળને ચ્હાય છે એવું સમજાવવું. અને પ્રત્યક્ષ બતાવવા કબુલ થવું.

પ્રવેશ ૧૦ મો—રાજબાળા સખીયો સાથે ગરબો. ઉત્તમસિંહનું મર્મમાં બોલવું, એવામાં કરેલા સંકેત મુજબ વિકળનું ત્યાં થઇ ચાલ્યા જવું. ઉત્તમસિંહનું રાજબાળાને ધિક્કાર આપી ચાલ્યા જવું.

ડ્રોપ—ટેબલો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—શાહની છાવણીમાં લડાઇ સબંધી વિચારો. એવામાં વિકળસિંહના આવ્યાની ખબર આપવી. વિકળસિંહનો અંદર પ્રવેશ. વિકળસિંહનું શાહને રાજેન્દ્ર સાથેની લડાઇમાં મદદગાર થવા કહેવું તે બદલામાં ઇંદ્રનગરના રાજ્યની માગણી શાહનું કબુલ થવું. એવામાં યવન ચર્ચા જોવા નિકળેલ, સોમવીરનું ત્યાં આવવું. અને પકડાઇ જવું. શાહ અને સોમવીર વચ્ચે યુદ્ધ, સોમવીર કેદ.

પ્રવેશ ૨ જો—પદમસિંહ, આલીશાન અને આકીલખાંનું આવવું. આકીલખાંને દારૂ લેવા મોકલવો. સમ્મુલ ગુણીકાનું આવવું. સઘળાઓનું દારૂ પી પુર નિશામાં બનવું. ઉત્તમસિંહનું આવવું. તેઓ તરફ ધિઃક્કાર અને આલીશાનને ગધેડાપર બેસારી આખા ગામમાં ફેરવવા હુકમ કરવો.

પ્રવેશ ૩ જો—રાજેન્દ્રસિંહની કચેરીમાં વાતચીત. ઉત્તમસિંહ ને તરૂણસિંહનું આવવું. તરૂણસિંહે સોમવીરનો આપેલ પત્ર આપવો. વિકળસિંહનું આવવું યવન દૂત આવ્યાની ખબર અંદર બોલાવવો. પત્ર વાંચતાંજ રાજેન્દ્રસિંહનો ગુસ્સો. એક માસ પછી પાણીપતના મેદાનમાં યુદ્ધ નક્કી કરી દૂતને વિદાય કરવો. સૈન્યની ગોઠવણ કરવી.

નાચ.

પ્રવેશ ૪ થો—આલીશાનનું વાજતે ગાજતે ગધેડા પર બેસી આવવું. પુર જનોનું ભેગા થવું. અનાથ બુલબુલ વગેરેનું આવવું. હાસ્ય બુલબુલનું અનાથ સાથે જવું.

પ્રવેશ ૫ મો—તરૂણસિંહનું પોતાના પાળક પીતા પાસેથી મળેલા પત્ર વાંચવા. શશીતારા જયનગરના રાજા જીતસિંહના કાકા પ્રભાસિંહજીની પુત્રી છે એવો ગુપ્ત ભેદ ખુલ્લો થવો, ઉત્તમસિંહનું આવવું, બેઉ સાથે વાતચીત, તરૂણસિંહના વસ્ત્ર જોઇ ઉત્તમસિંહને પોતાના જળમાં ડુબેલ ભાઇ યુવાનસિંહના જેવો ભાસ થવો. કવચ જોતાંજ આ કવચ શાનું છે એવું ઉત્તમસિંહનું તરૂણસિંહનું પુછવું કવચ અંદર યુવાન એટલુંજ નામ લખેલું છે એ પ્રમાણેજ કહેવું, ઉત્તમસિંહનું અજાયબ થવું અને બન્નેનું એક બીજા સાથે ઓળખાણ અને ભેટવું, સૌભદ્રસિંહનું આવવું, યુવાનસિંહને સૌભદ્ર દુર્ગ મોકલવા વિચાર.

પ્રવેશ ૬ ઠો—લશકરની સરદારી મળવાથી વિકળનું હર્ષભેર આવવું, લાલનનું પ્રવેશ કરવું, લાલનનો ત્યાગ કરી વિકળનું ચાલ્યા જવું, લાલનનો પશ્ચાતાપ.

પ્રવેશ ૭ મો—રાજબાળા ઉત્તમના પ્રેમમાં બિમાર, સખીયોનું સમજાવવું, લાલનનું આવવું, ને કરેલ ભુલ માટે પશ્ચા- તાપ કરવો.

પ્રવેશ ૮ મો—ઉત્તમસિંહનું વિચારમાં નિકળવું લાલનનું આવવું. કરેલી ભુલ કબુલ કરી માફી માગવી. અને રાજબાળાનો તમારા તરફ પવિત્ર પ્રેમ છે એમ કહી ઉત્તમસિંહને લઇ જવું, યુવાનસિંહનું આવવું. શોભાવતીને શશીતારાનું આવવું. વિકળનું આવવું. યુવાન અને વિકળ વચ્ચે વાતચીત. શશીતારાને શોભાવતીનું સાંભળવું. વિકળનું જવું. શશીતારા શોભાવતિ અને યુવાનસિંહ વગેરેનું ઓળખાણ શશીતારા અને શોભાવતીનું યુવાનસિંહ સાથે જવું.

પ્રવેશ ૯ મો—સોમવીર કેદમાં. અનાથ અને બુલબુલનું કપટી વેશમાં આવવું. પહેરેગીરોને બનાવી સોમવીરને છોડાવી લઇ જવું. શાહનું આવવું કેદી નાશી ગયાની ખબર પહેરેગીરોપર ગુસ્સે થવું.

ડ્રોપ—ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—જંગલમાં અનાથ અને બુલબુલ વચ્ચે વાતચીત, યુવાન અને શશીતારા વચ્ચે પ્રેમ વાર્તા અને યુવાનસિંહે શશીતારાને તું પ્રભાસિંહની પુત્રી છે એવી ખબર આપવી, શશીતારાની ખુશાલી, સોમવીર અને શોભાવતીનું આવવું, બધા વચ્ચે ઓળખાણ.

પ્રવેશ ૨ જો—શાહ અને રોશનનું વિકળે આપેલી ખબરનો વિચાર કરતાં આવવું, કાબીલ અને તદબીરનું આવવું, બંને વચ્ચે તકરાર, શાહનું બેઉને પકડી લઇ જવું.

પ્રવેશ ૩ જો—રોશનનું આવવું, વિકળસિંહનું મળવું અને લાલને લાલ છાપો મારવા શાહને કહેવડાવવું, વિકળનું સોમવીરને ઠાર મારવું. ઉત્તમનું આવવું, લડાઇમાં રજપુતોની હાર.

પ્રવેશ ૪ થો—રાજબાળાનું વિકળને ધિક્કાર આપતાં નિકળવું વિકળસિંહનું આવવું. રાજબાળા પાસે પ્રેમમાંગણી રાજબાળાનું ગુસ્સે થવું. ક્રુદ્ધ રાજબાળાને વિકળે મારવી. લાલનનું આવવું વિકળને ધિક્કાર. લાલનને પકડી શાહ પાસે લઇ જવી.

પ્રવેશ ૫ મો—શાહ રોશન વગેરે વચ્ચે, વાતચીત વિકળસિંહનું લાલનને લઇ આવવું લાલનને જોઇ શાહની બદનજર લાલને

શાહને અને વિકળાને ફીટકાર આપવો. વિકળે પ્રથમના કરાર પ્રમાણે ઇંદ્રનગરનું રાજ માગવું. શાહનો ગુસ્સો વિકળાને સજાનો હુકમ લાલનને શાહનું સમજાવું. લાલનનું ઇનકાર જવું. લાલનને પણ સજાનો હુકમ.

પ્રવેશ ૬ ઠ્ઠો—વિકળાનું શાહની બેઠમાની માટે શાહને ધિઃકારવું. કરેલાં કુકર્મોનો પસ્તાવો. લાલનનું આવવું વિકળાને ફિટકાર આપવો. સિપાઇઓનું તેમને લઇ જવું.

પ્રવેશ ૭ મો—વિકળા અને લાલનને સજા.

ડ્રોપ.

શ્રી નવીન

નુગરો સાપ ખેલના નાટકના ગાયનો.

સુત્રધાર— ૧

ગણુપત રટ મન પ્રેમે નામ,
તુજ દુઃખ સહુ સંહરશે—ગણુપત.
શુદ્ધ ભાવેથી ભજ હે ભાઈ;
તરીશ તું હ-નિશ ગુણ ગાઈ,
શરણ એક તેનું તું સ્હાંઇ—ગણુપત.

નટીઓ— ૨

વ્હાલી ભારતી માતને વંદો વ્હેનો પરમ પ્રીતે,
દેવી કૃપાવૃષ્ટી યોગે વિચરો નિતી રીતે-વ્હાલી.
હરીચંદ્ર સમ સત્યવાદી નર,
રામ સમા બાણુવાળી,
સત્યને સદા ઉદ્ધારો, અસત્ય અનિતી ત્યાગો;
માનો પુન્ય પંથ સાધો ભલી ભાતે-વ્હાલી.

વિકળ— ૩

હું પદના મદમાં મસ્ત બનેલી લલના,
મગરૂરી તારી ઉતારી-કરીને રખડતી-ગુમાની ગાળુ તમામ.
સાપ હું નુગરો બનીને-ડસુ ઝેરી દાઢથી,
વેરનું તેં ઝેર પીધું-વિકળ હું વિકાળથી.

લાલન—   ૪

હાંજી આવો રસીક ઉપર મ્હારે ભાવ્યા ન છોડું છોગાળા,
જરી જુઓ સુંદર કેવી ખીલી ચમેલી જાઉં વારી—હાંજી.
વાહ લટકાળી રંગીલી છબીલી.

વિકુળ–આવો મુજ વ્હાલી ઉર ચાંપું હું—હાંજી—

કાબીલ—   ૫

દુનિયાકી ચાલ હય અજબ,
કરતી હય કુચ્છ ઓર ગજબ;

તદબીર—કહેતી હય કુછ ઓર-ફીર ચલતી હય
કુછ ઓર—દુ૦

કાબીલ—દાવ પેચ લડાકે–અંદા બનુ ફક્કડ,
ઇધર ઉધરકી પારટીમેં–ફીરૂ બસ
અક્કડ—દુ૦

તદબીર—   ૬

કેસી ઇંદ્રનગરકી બની હય બહાર,

આલીશાન—બસ બાતે કયા કરતે હો તુમે–
સુનકે હું બેજાર—કેસી.

બુલબુલ—અજી તુમને દેખા હય લલીતપુર કે દેદાર,
ફીર દીલ ચાહે ભલે–અપની જકકીજે;
જાઓ જાઓ છેડો ન બાત,

તદબીર—ચૂપ હા એ એ ખ્યાલ-કયાં કફા
હોતી પરી—કેસી.

શોભાવતી— ૭

આહા! કેવી અનંગે ભરેલી,
ભારે ચમક મચક ચટકથી તું ચમેલી—આહા-

શશીતારા—જાણું તને હું સ્યાણી, જરાદે હાસ્યવાણી.
તુજથી નથી અજાણી.

શોભાવતી—કેવી તારી પકડી ચોરી.

શશીતારા—વારે સખાં વાહ વાહ-અહા--

રાજબાળા— ૮

આવોને સલુણા સુંદર ઉરે હું મળું,
વ્હાલા ઉત્તમ ઝંખુ તુજને.
તારાપર જાવું વારી, ઇચ્છા વર વરી,
પ્રેમની હું છું તુજ પ્યાસી વિયોગે ગઇ છું ત્રાસી.
દયા કરો જરી—આવોને—

રાજબાળા— ૯

આવો વ્હાલા, હૃદયના હે લાલા,
વદે છે આ બાળા અરજી શિર ધારી,
મનડું મુઝાયે, અકળાયે, ગભરાયે,
કહું શું દુઃખ ભારે—આવો.

ઉત્તમ-ધન્ય વ્હાલી હું છું તુજ આભારી,
પ્રેમે ઝુલાવું.
રાજબાળા-વ્હાલે વધાવું, વ્હાલા આ ઉરના હિંચોળે
હિંચકાવશું.
ઉત્તમ-આવો આવો આવો.
રાજબાળા-મુકોને મારો પાલવ વાહ સલુણા—આવો.

રાજબાળા— ૧૦

વિષય વેલીમાં ફસનારારે-જાગી જોને તું કોણ કુળ જાયા,
ક્ષાત્ર નિતીથી ખસનારારે-જરા સમજ ક્ષણીક તારી કાયા.
વિષય છે ઝેરી, જીવનો વેરી-જીવોને કંઇક પછાડયા,
જવાળા જોઇ સૌ વિમુખ થયા ભાઇ,
મુરખ બિચારા ઝંપલાયારે—જાગી.
જીતીને આવીશ જો તું ધીરા-ગણીશ તને મારા વીરા,
પીઠે તું ઘા લઇ જો અહિં આવ્યો;
રહેવા ન દઇશ તારી છાયારે—જાગી.

લાલન— ૧૧

લાલ લટકાળા-આવો વાલમ લ્યો લ્હાવો,
પ્રીતી પ્યાલી પાવો.
બિકુળ—પ્યારી આવો પ્રીતે-છું હું તારી પાછળ,
વ્હાલી સદાનો હવે લ્હાવો.

લાલન—વ્હાલમ લ્યો લ્હાવો.

ચતુરાઇ જોઇ વ્હાલા-ઘેલી બની છું લાલા,
સ્નેહનું દાન દેશો, લેશો-વ્હાલમ લ્યો લ્હાવો;
લાલ લટકાળા—

વારાંગનાઓ— ૧૨

સોહનીયાં સોહે સજીલી મોરી પ્યારી હય હુસ્ને જમાલ.
સોહનીયાં પ્યારી હય હુસ્ન જમાલ—સોહનીયાં—
સબ મીલ ગુઇયાં હય રંગ મચાવે,
તુમ અપના સોહનીયાં બતાવો ઢંગ ગુલશનમે આઇ
બ્હાર—સોહનીયાં—
ચુન ચુન કલીયોસે રંગ દીખાતી,
તુમ પહેનો સોહનીયાં પહેનાવે તુમ જાઇ જાઇ ગુલ
અનાર—સોહનીયાં—

અનાથ— ૧૩

અચ્છા અચ્છા તાલ જમાયા મીલીયા મોકા હાં.
બદીયોને પાયા બદકા બદલા,
દેખો કયસા થા—અચ્છા—

બુલબુલ-છોડ મેરે પ્યારે.
અનાથ—બેઠ રહો સારે.
ચારે— અચ્છી બાત.

અનાથ—ખાઓગે લાતે.

ચાર— કયા હબાતે વા—અચ્છા—

લાલન— ૧૪

રસીક રમણીની પાસ, કામી પુરૂષ છે ગુલામ,
વારી દીએ ધન ધામ, એક અણુસારે આમ—રસીક.
મૃદુ લલીત સુહાવે ભાવે, કર માંહી ચંદ્ર બતાવે.
થનનન નાચ નચાવે,
અબળ નામ કરે સબળ કામશા—રસીક.

રાજબાળા તથા સખીઓ—ગરબો—૧૫

પાપી પપૈયો પીયુપીયુ બોલે કાળજુ કોરે,
શાણી સાહેલી શું રે કરૂં હું રહી એકલી,
ખાંતે જીવન જોવા ઝાંખતી—હાં.
સુની સેજલડી જોઈ હું તો દાઝતી, સાહેલડી.

સાખી.

સુનુ લાગે સુખ સહુ, સુનો આ સંસાર,
કંથ વિનાની કામની, એળે ગયો અવતાર.
પ્રીત જાગી, અજબ લેહ લાગી,
પ્રેમ ઈશારે ઝબકીને જાગી, અજબ લેહ લાગી.
શાણા આવો તો થઈએ સુભાગી.
નહિં તો દઈશું આ જીવ હવે ત્યાગી.—અજબ.

સાખી.

બાળ કુંવારા બાળવા, ચાંદની કરે ચ નકાર,
મુકી વિસારી વાલમા, શોભીના ભરથાર.
દીન ગણુતા માસ વિત્યા–મારા નાનકા વાલમ લોલ,
સુરત ભુલી સાહેબારે–મારા રસીયા વાલમ લોલ.
આવો તો વધાવું ફુલડેરે–મારા નાનકા વાલમ લોલ,
મનના મોહન મળીયારે–મારા રસીયા વાલમ લોલ–પાપી.

ઉત્તમ— ૧૬

ધિઃક ધિઃક ધિઃક છે બાળા,
મુકીદે ચાળા જોયો આજે તુજ કપટી
પ્રેમ—ધિઃક૦

રાજબાળા—એ શું વદો છો વાહ વાહ–વચન બાણ મારો ના,
ઉત્તમ—જા તુજ ફંદમાં કદી ફસુના,
રાજબાળા—કહી દયો મારી કસુર પાતળીયા—ધિઃક૦

ડ્રોપ.

અંક બીજો.

સમ્મુલ— ૧૭

અજી પીલો શરાબ અકલસે આલીશાન,
ખુદા બખસ ઉસ્તાદજી;

આલીશાન—(હસાને)—હા .. હા—

પદમસિંહ—શરાબ જેસી કોઇ મસ્ત ન ચીઝ હય;

સમ્મુલ--બોટલપે બોટલ ચડાઇયે.

પદમસિંહ-ગટરકી સ્ટેલમે અચ્છી વહ ચીઝ હય.

સમ્બુલ--જેસે બાગોકી બહાર હય.

અલીશાન કયા કહેના.

પદમસિંહ-અજી વા.

આલીશાન—(હસીને) હા. હા અજી.

લાલન - ૧૮

મેં પ્રીતી પુરૂષની જોઇ, સ્વારથથી પ્રીય નવ કોઈ.
અંતરમાં હવે હું મુઝાઈ, તનમન આપી હું લુંટાઈ.
પ્રેમ કોલ પ્રેમી આપી તે તો બે વચની,
હાય ધિઃક પ્રીતીની એ રીતી કેવી.
પોતાની મતલબ કાજે, બીજાને ફંદે ફસાવી-તનમન.

રાજબાળા— ૧૯

નિરદોષી તજી નારને નિર્દય થઈ નાથરે.
ધરતી અહિં ઉપર આભ કાણુ ગ્રહે હાથરે–નિર્દોષી.
ભાસે ભુવન ભયકારી–ત્રાસે મતી ગઇ હારી,
અબળા આ નાર બિચારી.
સ્હાય થાઓ શ્રી હરી, દયા કરી–મુજ સાથરે—ધરતી.

લાભન— ૨૦

નરમદા સમાન નારી, ભગવતી રીઝાવીએ,
ભગવતી રીઝાવીયે, રીસાયતો મનાવીએ—નર્મદા.
સીતાને કાજે રામે વનવાસ ગાળ્યો,
કૈકૈયનો બોલ રાજા દશરથે પાળ્યો–ભગવતી.
ઉમીયાનો કાન્ત પ્રથમ ઉમીયા કહાવે,
લક્ષ્મીનો કાન્ત પ્રથમ લક્ષ્મી સુહાવે—ભગવતી.

જુવાન— ૨૧

કેવી શોભે ચતુર સુંદર રમણી આ રૂપાળી,
રમણી આ રૂપાળી–નવલ યોવના રસાળી—કેવી૦
શીર કેશ જાણે નાગણી–મુખ ચંદ્રની ઉપમા બની.
અધી કોપમાં સર્વાંગની--શું જીભથી આપું ગણી;
મોહ પામે મનડું મારૂં--આ છબી નિહાળી—કેવી૦

બુલબુલ- -   ૨૨

કાંટો લાગ્યોરે દેવરવા મોસે સંગ ચલો ન જાય,
સંગ ચલો ન જાય--મોસે ગયલ, ચલો ન જાય;
અપને મહલમે મય અલબેલી,
ખીલ રહા જોબન ફૂલ ચંબેલા;
આધી રાતકો ઘરસેં આયો—રસ્તા છોડ કુરસ્તે લાયો,
તડપ તડપ જીયા જાય, મોસે સંગ ચલો ન જાય—કાંટો૦

ડ્રોપ.

અંક ત્રીજો.

યુવાન— ૨૩

શ્યામારે..........શરમાવો શું છબીલી

તરસાવો ના હઠીલી—શ્યામા

આવો વ્હાલી વિનીત વેલી.

બોલો ભામા માન મેલી—શ્યામા

શશી તારા—કરવા વાતો બનીછું ઘેલી.

યુવાન—ભામારે...........ભાવે ભેટો પ્રેમઘેલી—શ્યામા.

શશીતારા— ૨૪

મોહન મારા સમ છે જો ખેંચો આ સાડી,

યુવાન—નવી કળીઓથી બ્હેકી રહી આ વાડી.

શશીતારા— સાખી

દુખ દેખી ઉર ધરી દયા, દેવું સુખનું દાન

યુવાન--તન મન ધન એ કારણે-કરો સકળ કુરબાન.

રમણી પાઓ પ્રેમ જળ, જુઓ કેવો તૃષાળુ--મોહન

ત્રિકુળ— ૨૫

રે સમજ મન મેલ માયા,
છળ કપટ પટ છોડ કાયા —રે સમજ.
મહેલ માળા છત્ર છાયા.
ધાન્ય ધન ધરણી કમાયા.
ના અભાગી રામ ગાયા.
કાળેને કુંદે કુપયા—રે સમજ.

સમાપ્ત.